# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

ગેસ, ડિઝલ-પેટ્રોલથી મોંઘવારી વધારી દીધી!
ટેલિફોન, કોલસા-ટેન્ડરોથી ખાયકી વધારી દીધી!
વધારી દીધી દુર્ઘટનાઓ નૌ-સેનામાં રોજરોજ-
સરહદે ને આંતરિક, શહિદી દેશમાં વધારી દીધી
(યે ભી વિકાસ કા કામ હૈ ને ?!)

## હાઈકુ

શુભેચ્છા સૌને -
થજો સદનશીબ -
॥ સુપ્રભાતમ્ ॥
(ધો.૧૦-૧૨ના વિદ્યાર્થીઓને..)

અટવાયો છે!
સંઘ 'કાશીએ' પ્હોંચી -
ધક્કામુક્કીમાં..
(સલામતીની શોધ)

## ચિંતન

*સુખં હિ દુખાન્યનુ ભૂયશોભતે, ઘનાન્યકારેષ્વિવ દીપ દર્શનમ્ ।*
*સુખાનુ યો યાતિ નરો દરિદ્રતાં ધૃતઃ શરીરેણ મૃતઃ સજીવતિ ॥*

'ખરેખર! પહેલાં ગાઢ અંધકાર હોય અને એમાં એક નાનકડાં દીવાનું દર્શન થાય, અર્થાત એ નાના દીવાના પ્રકાશથી પણ જે સુખની અનુભૂતિ-આનંદની અનુભૂતિ થાય છે એવી જ અનુભૂતિ ખૂબ દુખો-મુશ્કેલીઓ-આપત્તિઓ અનુભવ્યા પછી જે ભલે નાનું સુખ મળે તો પણ માનવીને ખૂબ જ આનંદ થાય છે. પરંતુ આનાથી વિપરીતની પરિસ્થિતિ એવી છે કે માણસ ખૂબ સુખ-સાહ્યબી-સત્તા-પદ ભોગવ્યા પછી જો દુખ આવી પડે - સત્તા પદ છીનવાઇ જાય પછીનું એનું જે જીવન છે એ મુડદાલ જેવું ભલે એ જીવિત-શ્વાસ લેતો હોય - શરીરથી જીવતો હોય પણ છતાં 'મરેલાની જેમ' જ જીવે છે પછી એને એના જીવનમાં કોઇ રસ રહેતો નથી.'

એ તો સ્વાભાવિક જ છે કે તડકાના તાપ પછી શીતળ છાંયડો મળે તો તે વધારે ઠંડક આપે છે પણ શીતળતા પછી તાપ સહન થતો નથી, માટે આપણા શાસ્ત્રો અને સંતોએ સુખ-દુખમાં 'સમત્વ' કેળવવાની સલાહ આપી છે. એ બંને ઇશ્વરે આપેલી પ્રસાદી જ છે એમ સમજી-સુખમાં બહેકી ન જવું અને દુઃખમાં થાકી ન જવું.

## સુવિચાર

- ત્યાગની સાથે યાચના હોય જ નહીં, જો ત્યાગની સાથે યાચના તત્ત્વ ભળે તો ત્યાગ, ત્યાગ ન રહેતાં લાચારી બની જાય - *હૃદયસૂત્ર*
- એક તરણું હાથ લાગે એય કૈં ઓછું નથી.. ઊંઘતો જણ સહેજ જાગે એય કૈં ઓછું નથી - *નીતિન વડગામા*
- જે લોકો પોતાની જીંદગી પોતાની શરતો ઉપર જીવે છે તે લોકો એક દિવસ નામ કરે છે.. બસ તમારી શરતોમાં દમ હોવો જોઇએ - *રદીવ જોશ*
- ભૂખ રિશ્તો કો ભી લગતી હૈ, પ્યાર કભી પરોસ કર ભી તો દેખીયે.. - *રજનીશ*
- જેને બાંધવાથી બંધાય અને તોડવાથી તુટે તેનું નામ 'બંધન' પરંતુ જે 'આપમેળે' બંધાય અને 'જીવનભર' ના તુટે તેનું નામ 'સંબંધ' - *એસ.એમ.એસ.*
- પર્ણ જ્યારે પ્રેમ કરે છે ત્યારે પુષ્પ બને છે, પુષ્પ જ્યારે આરાધના કરે છે ત્યારે ફળ બને છે - *જન કલ્યાણ*
- ભૂલ કરે તે માણસ કહેવાય, ભૂલ સુધારે તે મોટો માણસ કહેવાય, અને જે ભૂલ સ્વીકારી લે તેને ભગવાનનો માણસ કહેવાય - *એસ. ભટ્ટાચાર્ય*

*(સંકલન : દીપક વી.આસરા)*

## બોધ કથા

ધૂન-ભજન-પૂજા-પાઠ, તપ-ધ્યાન-યોગ આ બધાનું સાફલ્ય ત્યારે જ છે જ્યારે એ કરવાથી મન-હૃદય-આત્મા-ચિત્ત પ્રસન્ન રહે-આનંદનો અનુભવ થાય. બાકી ખોટો શ્રમ જ છે. વ્યર્થ ક્રિયાકર્મનો થાક માત્ર છે.

આશ્રમની કેળવણી-તાલીમ પૂરી થઇ ગુરૂજી એ બે શિષ્યોને વિદાય આપતાં કહ્યું, જૂઓ મેં તમને ગીતા વેદશાસ્ત્ર-અનુસાર ધ્યાન-યોગ-ભક્તિ-કર્મયોગ વિગેરે બધું જ શિખવ્યું છે. આ બધાનો અંત 'આત્મા'ની પ્રસન્નતામાં જ આવે છે. હવે જાવ-સંસાર-સમાજમાં તમે તમારી રીતે 'અધ્યાત્મ' ની પરાકાષ્ઠાની પ્રાપ્તિ કરો. 'પાંચ વર્ષ પછી બંને સાથે અહીં પાછા આવજો અને તમારો અનુભવ મને કહેજો..

એક શિષ્યે રડતાં રડતાં કહ્યું, ગુરૂદેવ મેં વનમાં કુટિર બનાવી એકાંતમાં ધ્યાન-યોગ કર્યા. માત્ર-ફળ-ફૂલ ખાધાં પણ સતત તપથી શરીર કૃષ થઇ ગયું. 'આનંદ'ની પ્રાપ્તિ તો યોજનો દૂર હતી. બીજો કહે, ગુરૂજી હું તો નદી-સરોવર-તળાવમાં સ્નાન કરતો - સંધ્યા-સૂર્યોદયનો આનંદ લૂંટતો, ક્યારેક ગરીબો કે જરૂરિયાતવાળાંને મારાથી થાય એટલી મદદ કરતો ભજન-સંગીત સાંભળી ખૂબ જ 'આનંદ' નો અનુભવ કરતો હતો. આમાં ધ્યાન-ભજન તો ભૂલાઇ જ ગયા. ગુરૂજી કહે એ જ સાચી ભક્તિ છે જીવનનો આનંદ માણો...

Email - sureshchandrabhatt18@gmail.com

# લોક વ્યવહારમાં પ્રયોજાતો 'હોળી' શબ્દ અને પરાપૂર્વથી દિવ્ય સંદેશ આપનારા લોકોત્સવને સાચા અર્થમાં સમજીએ અને ઊજવીએ...

## લાગણીનો મેળો

- રસિક આર. વાળંદ 'નિર્ઝર'

હોળીને પ્રાર્થના
હે આત્મા ઉદ્ધારક હોળી અગ્નિ!
શાં શાં ઘરું હું સમિધો તમો ને!
પ્રમાદ, માનીપણું, જાડ્ય, મૂઢતા,
ને રંગરંગી ઉર વાસનાઓ
મારી કને આયુષ્ય માત્ર તે ગ્રહો
જવાળા બનો ઉજ્જવલ એ તમારી.

હમણાં એક લોકવાયકા કાને પડી 'પહેલી હોળી સાસુ-વહુ સાથે ન ઊજવાય નહીં તો આખી જિંદગી હોળી રહે!!' પર્વતો મર્મને સમજનારાં આવા અર્ધ દગ્ધ જનમાનસને શું કહેવું ?! પાવન પર્વ વિશેના આવા ભ્રામક ખ્યાલોથી જકડાયેલાં સમાજને શું કહેવું...

ખેર, આપમે સૌ ભૂલી બેઠેલા હોળીના પાવન પર્વને સાચા અર્થમાં સમજીએ... ફાગણી પૂનમનો હોલિકોત્સવ એટલે વસંતના વધામણાં... મોકળા મને વિહરવાનો ને સાવ હળવા ફૂલ થવાનું સુ - અવસર.... સભ્યતાના જડસુ બંધનો ઘડીક ભર આઘા કરી સંમચિત મને સ્વૈર વિહાર કરવાની છૂટ... દોસ્તો કડક શિસ્ત અને શિથિલ સ્વૈરાચારની વચ્ચેનું મધ્યબિંદુ શોધી શકનાર જ હોલિકોત્સવ મનાવવાનો સાચો અધિકાર છે - જે પર્વને યથાર્થ સમજી શક્યા હોય! વસંતના અણખૂટ વૈભવમાં સંમચનું સૂત્ર ન ભૂલાવું જોઇએ. ભગવાન શિવજીએ વસંતને નિમિત્ત બનાવી કરેલું કામ - દહન એટલે શિવત્વ ઉપર કરેલો હુમલો કેવો વિનાશ સર્જે તેવું પ્રબોદન છે. કામ સંચમમાં શોભે, મર્યાદા ભંગ થાય તો આત્મ ઘાતક નિવડે... તો બીજી બાજું હોળીના રંગ લઇને આવતો ફાગણીયો આપને નવજીવનનો સંદેશ આપે છે.

હોલિકાદહન વિશેની કથા બહુ પ્રચલિત છે. હિરણ્યકશ્યપુ નામે રાક્ષસ હતો. તેને 'હિરણ્ય' એટલે સોનું જ દેખાય! તાત્પર્ય એ કે એના જીવનનો પ્રધાન ભાવ ભોગ જ હતો. બસ ખાઓ, પીવો ને મજા કરો - એટલે કે આ રાક્ષસી મનોવૃત્તિ ધરાવનાર ભોગ સિવાય હલે નહીં અને સ્વાર્થ સિવાય ડગલું ભરે નહીં તેના રાજયમાં સૌ ખાધે-પીધે સુખી રોટલા ને ઓટલો બધાને મળે એનો પ્રબંધ કરેલો પરંતુ લોકોના ભાવ જીવન તરફ દુર્લક્ષ્ય સેવ્યું. બસ પોતાને જ ઇશ્વર સમજે તે બીજા ભગવાનનો ક્યાંથી સ્વીકાર કરે?

કાદવમાં કમળની માફક તેને ત્યાં ભક્ત પ્રહલાદનો જન્મ્યો. પ્રહલાદ જયારે માતા ક્યાધૂના ગર્ભમાં હતો તેની માતા નારદના આશ્રમમાં રહી હતી. ત્યાંનાં સંસ્કારોની અસર પ્રહલાદ પર પડી હતી. ભક્ત ચરિત્ર પ્રહલાદનો ઇશ્વરવાદ જો બધે ફેલાઇ જાય તો ભોગવાદ પર ઊભો રહેલા પોતાના રાજયના પાયા હચમચી જાય આવી ભીતીથી બેબાકળા બનેલો આસુરી વૃત્તિનો બાપ પ્રહલાદને મારવાના અનેક પ્રયત્નોમાંના એક એટલે તેને જીવતો જ અગ્નિમાં બાળી મૂક્વો. પ્રહલાદ અગ્નિમાંથી ઊઠી ભાગી ન જાય તે માટે ફોઇનાં ખોળામાં બેસાડ્યો. હિરણ્ય કશ્યપુની બહેન હોલિકાને વરસાન હતું કે જો તે સદ્વૃત્તિના માનવને કડનશે નહીં તો અગ્નિ તેને બાળશે નહીં. પોતાના ભાઇનાં આગ્રહને વસ થઇને હોલિકાએ પ્રહલાદને ખોળામાં લઇ અગ્નિમાં બેસવાનું કબૂલ્યું. પરિણામે જે આવવું જોઇએ તે જ આવ્યું હોલિકા બળીને ભસ્મ થઇ ગઇ.

પ્રહલાદ નાનો હતો. જગતમાં પણ સદ્વૃત્તિના લોકો અલ્પ સંખ્યામાં જ હોય છે પરંતુ જો તેઓ સંનિષ્ઠ હોય, પ્રભુનિષ્ઠ હોય તેમજ તપસ્વી અને ક્રિયાશીલ હોય તો વધ્યક એવી અસદ્વૃત્તિ પણ તેમને ગ્રસી શકતી નથી આવો અનુપમ સંદેશ હોલિકોત્સવ આપણને આપે છે. કદાચ ઘણાને એવો પ્રશ્ન થતો હશે કે હોલિકાએ પ્રભુ ભક્તને બાળ્યો છતાં આપણે હોલિકાનું હજારો વર્ષથી પૂજન શા માટે કરીએ છીએ?

મિત્રો હોલિકાના પૂજન પાછળ એક બીજી ત વાતનું સ્મરમ રહેલું છે... જે દિવસે હોલિકા પ્રહલાદને લઇને અગ્નિમાં બેસવાની હતી તે દિવસે નગરના બધા લોકોએ ઘરઘરમાં અગ્નિ પ્રગટાવી પ્રહલાદને ન બાળવા અગ્નિ દેવને પ્રાર્થના કરી હતી. લોકહૃદયને પ્રહલાદે કેવું જીતી લીધું હતું તેનું આ ઘટનામાં પ્રતિબિંબ પડે છે. પરિણામથી સૌ વિદિત છે... હોલિકા બળી ગઇ અને અગ્નિ કસોટીમાંથી પાર ઊતરેલા નરશ્રેષ્ઠ બન્યો. પ્રહલાદને બચાવવાની પ્રાર્થના રૂપે ઘરઘરની અગ્નિ પૂજાએ કાળક્રમે સામુદાયિક પૂજાનું રૂપ લીધું અને ધીરે ધરી ચોરેચૌટે રહેલી હોલિકા પૂજા શરૂ થઇ. ખરી રીતે જોતા અસદ્વૃત્તિના નાશ માટે તેમજ સદ્વૃત્તિના રક્ષણ માટે લોકહૈયામાં રહેલી શુભ ભાવનાનાં પ્રતિક છે. તેથી જ લોકો હર્ષપૂર્વક હોળીનું સ્વાગત કરે છે.

હોલિકાદહનના આનંદમાં વાતાવરણથી રંગીન થયેલા લોકોએ એકબીજા પર રંગ ગુલાલ ઉડાડ્યા. કોઇકે વળી ધૂળ ઉડાવવાનું શરૂ કર્યું તેમાંથી 'ધૂળેટી' સર્જાઇ. સૌ નાના મોટાના ભેદ ભૂલ્યા. (CLASS) વિદ્વગણ અને જનતા (MASS) ને સાથે રાખવાનું કામ પ્રહલાદે જેવા મહાપુરૂષે કર્યું એ કઇ નાની સુની વાત નથી. સૌને પ્રાણવાન બનાવ્યાં થાંભલા જેવા જડ, ચેતના શૂન્ય અને નિષ્ક્રીય બની ગયેલા લોકોમાં પ્રાણ પુર્યા. નરમાં સિંહત્વ જગાડ્યું નરમાંનો પ્રેમ અને સિંહમાં રહેલો અવિવેક કે સાહસ ભેગા થયા અને હિરણ્ય કશ્યપુ હણાયો. લોકહૈયામાં છવાયેલા પ્રહલાદ માટેના પ્રેમે લોકોને અવિવેકી બનાવ્યા અને તેમનામાં નિર્માણ થયેલી સાહસવૃત્તિએ. હિરણ્યકશ્યપુને મારવા પ્રેર્યા. હિરણ્યકશ્યપુને નર કે પશું, ઘરમાં કે બહાર, રાત્રે કે દિવસે કોઇ મારી ન શકે એવું જ વરદાન હતું તે તેની અતિશય કડક જાત રક્ષણની વ્યવસ્થાનું દ્યોતક છે. આમેય અસદ્વૃત્તિ અંદરથી ડરેલી જ હોય છે. તે પોતાના રક્ષણની આવી કડક વ્યવસ્થા જ રાખે છે. જનમાનસમાં જાગૃતિ નિર્માણ થયા પછી વિરાટ નરસિંહ પાસે નમવું જ પડે છે. આમા લોક સંગઠન અને લોકજાગૃતિ પાસે દુષ્ટવૃત્તિનો પરાભવ થાય છે આ વાત હોળી આપણને સમજાવી જાય છે. હોળીમાં ફક્ત નકામો કચરો કે નકામી ચીજો જ નહીં પણ આપણા જીવનમાં રહીને આપણને પજવતાં રહેલા ખોટા વિચારો તેમજ મનના કષાયો - મેલ - કચરાને પણ બાળવો જોઇએ. જડવાદ કે ભોગવાદ સામે લડવા પ્રભુનિષ્ઠ સૈનિકે ભાવયુક્ત બુદ્ધિ તેમજ બુદ્ધિનિષ્ઠ ભાવનાથી સજ્જ થવું જોઇએ.

આજે હોળીના ઉત્સવમાં કંઇક અંશે અશ્લીલતા ભળી છે તેનું કારણ આ સાર્વજનિક ઉત્સવ છે. સમાજના બધા જ સ્તરનાં લોકોનાં સંસ્કારોનું સંમિશ્રિત રૂપ ત્યાં જોવા મળે છે. નિમ્ન સ્તરના લોકોનાં સંસ્કાર જલદી પ્રસારિત થાય છે કારણ નીચા જવું એ અતિ સહેલું છે કઠિનાઇ તો છે ઊંચા ચઢાણમાં!

લોક વ્યવહારમાં પ્રયોજાતો 'હોળી' શબ્દ અને પરાપૂર્વથી દિવ્ય સંદેશ આપનારા લોકોત્સવને સાચા અર્થમાં સમજીએ અને ઊજવીએ...

*સ્મરમણિ :*
હોલિકોત્સવ એટલે - ફાગણી રંગોથી રંગીન બનાવતો,
વસંતોત્સવયમાં સંચમથી દીક્ષા આપતો
સંગનિષ્ઠાનો મહિમા સમજાવતો
તેમજ
માનવ મનમાં અને માનવ સમાજમાં
રહેલી અસદ્ વૃત્તિને બાળવાનો
સંદેશ આપનારો ઉત્સવ...

- rasikvalnd1965@gmail.com

# ગુજરાતના યાત્રાસ્થળો પર લેવાતો જજિયાવેરો કોણે નાબૂદ કર્યો?

## ગુજરાતનો ઇતિહાસ

(૧) નારાયણ સરોરવની પાસે કયું જૈન યાત્રાધામ આવેલું છે?
(અ) શંખેશ્વર (બ) ગરૂડેશ્વર (ક) કોટેશ્વર (ડ) ભદ્રેશ્વર
(૨) અમદાવાદ શહેરની સ્થાપના કઇ સાલમાં થઇ હતી?
(અ) ઇ.સ.૧૪૦૦ (બ) ઇ.સ.૧૪૧૧ (ક) ઇ.સ.૧૪૫૦ (ડ) ઇ.સ.૧૪૫૭
(૩) ગુજરાતના ઇતિહાસમાં સંત સુલતાન તરીકે કોણ જાણીતું છે?
(અ) અહેમદશાહ પહેલો (બ) મુઝફ્ફરશાહ બીજો (ક) કુતબુદ્દીન શાહ (ડ) મેહમૂદ બેગડો
(૪) મહંમદ ઘોરીએ ગુજરાત પર આક્રમણ કર્યું ત્યારે ગુજરાતનો શાસક કોણ હતો?
(અ) ભીમદેવ બીજો (બ) મૂળરાજ બીજો (ક) સિદ્ધરાજ જયસિંહ (ડ) વનરાજ ચાવડા
(૫) મૈત્રકાલના ગુજરાતની રાજધાનીનું નગર કયું હતું?
(અ) ગિરિનગર (બ) વલ્લભી
(ક) ખેરક (ડ)પાટણ
(૬) મહાત્મા ગાંધી કેટલીવાર કોંગ્રેસ પક્ષનાં અધ્યક્ષ બન્યાં હતા?
(અ) એકવાર (બ) બે વાર
(ક) ત્રણ વાર (ડ) કયારેય નહીં
(૭) કોનું અવસાન આગાખાન મહેલમાં થયું હતુ?
(અ) ગાંધીજી (બ) મહાદેવભાઇ દેસાઇ
(ડ) મહંમદ અલી ઝીણા (ડ) લોકમાન્ય તિલક
(૮) અમદાવાદમાં પી.આર.એલ અને અટીરાની સ્થાપના કયારે થઇ હતી?
(અ) ૧૯૪૭ (બ) ૧૯૫૫ (ક) ૧૯૬૦ (ડ) ૧૦૫૦
(૯) ગુજરાતમાં નેશનલ રીચર્સ સેન્ટર ફોર ગ્રાઉન્ડ નટ' કયાં શહેરમાં આવેલ છે?
(અ) અમદાવાદ (બ) વડોદરા (ક) રાજકોટ (ડ) જૂનાગઢ
(૧૦) ગુજરાત રાજયનું ઉદ્ઘાટન કોના હસ્તે કરવામાં આવ્યું હતુ?
(અ) ઉછંગરાય ઢેબર (બ)ઇન્દુલાલ યાજ્ઞિક (ક) જીવરાજ મહેતા (ડ) રવિશંકર મહારાજ
(૧૧) ગુજરાતી ભાષાનો વિકાસ કઇ ભાષામાંથી થયો?
(અ) પાલી (બ) પાકૃત (ક) અપભ્રંશ (ડ) મરાઠી
(૧૨) ગુજરાતના યાત્રાસ્થળો પર લેવાતો જજિયાવેરો કોને નાબૂદ કર્યો?
(અ) અહેમદ શાહ (બ) વનરાજ ચાવડા (ક) મૂળરાજ સોલંકી (ડ) મીનળ દેવી
(૧૩) જૂનાગઢના કયા રાજાને મહંમદ બેગડાએ હરાવ્યા હતા?
(અ) રા'માંડલિક (બ) રા'ખેગાર (ક) રા'નવઘણ (ડ) રા'રામશેર
(૧૪) અમદાવાદનો સુપ્રસિદ્ધ ભદ્રનો કિલ્લો કોણે બંધાવ્યો હતો?
(અ) અહમદશાહ પહેલાએ (બ) મહંમદ બેગડાએ (ક) ઝફરખાંએ (ડ) કુતબુદ્દીને
(૧૫) મહર્ષિ અરવિંદે ગુજરાતની કઇ યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે સેવા આપી હતી?
(અ) એસ.પી. યુનિ. (બ) ગુજરાત યુનિ. (ક) એમ.એસ. યુનિ. (ડ) સૌરાષ્ટ્ર યુનિ.

## વિવિધા

*(આ સપ્તાહમાં જેમના જન્મદિવસ આવતા હોય તેવા વિશ્વના વૈજ્ઞાનિકો)*

- ૧૪ માર્ચ, ૧૯૩૪ એયુગન એન્ડ્રયુ સેર્નન-અમેરિકન અવકાશયાત્રી- ૧૯૯૬માં જેમિની-૯ મિશન દરમિયાન બે કલાક સ્પેશકાફ્ટની બહાર રહ્યા હતા.
- ૧૪ માર્ચ, ૧૮૭૯ આલ્બર્ટ આઇન્સ્ટાઇન - જર્મન-અમેરીકન ભૌતિકશાસ્ત્રી, ૧૯૨૧માં નોબલ પારિતોષિક વિજેતા, મૃત્યુ-૧૮ એપ્રિલ, ૧૯૫૫
- ૧૪ માર્ચ, ૧૮૩૩ લૂસી હોબ્સ ટેલર- અમેરિકાની પ્રથમ મહિલા ડેન્ટીસ્ટ, મૃત્યુ-૩-ઓકટોબર, ૧૯૧૦
  ૨૦ નવેમ્બર ૧૮૮૨માં મૃત્યુ.
- ૧૫ માર્ચ, ૧૯૩૩ ઇ-ડોનાલ્ડ થોમસ : અમેરિકન ભૌતિકશાસ્ત્રી, ૧૯૯૦માં 'બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ'ના સફળ સંશોધન બદલ નોબલ પારિતોષિક વિજેતા.
- ૧૫ માર્ચ, ૧૮૬૦ વેલ્ડમાર હેફકીન : રશિયન-બ્રિટીશ બેકટેરીયોલેજીસ્ટ, મૃત્યુ ૨૫ ઓકટોબર ૧૯૩૦
- ૧૫ માર્ચ, ૧૮૫૪ એમીલ વોન બહેરીંગ-જર્મન બેકટેરીયોલોજીસ્ટ, સાયન્સ ઇમ્યુનોલોજીના સ્થપાક, મૃત્યુ ૩૧ માર્ચ ૧૯૧૭.
- ૧૫ માર્ચ ૧૭૧૩ નિકોલસ લૂઇસ - ફ્રેન્ચ ખગોળશાસ્ત્રી, બ્રહ્માંડમાં ૮૮ જેટલા તારક જૂથોના નામ આપ્યા, મૃત્યુ ૨૧ માર્ચ ૧૭૬૨.
- ૧૬ માર્ચ ૧૯૩૨ આર વોલ્ટર કનીંગહામ - અમેરીકન અવકાશયાત્રી એપોલો-૭ ના અવકાશયાત્રી
- ૧૬ માર્ચ, ૧૯૧૮ ફેડરીક રેની-અમેરીકન ભૌતિકશાસ્ત્રી-૧૯૯૫માં નોબેલ પારિતોષિક વિજેતા, મૃત્યુ ૨૬ ઓગસ્ટ ૧૯૯૮
- ૧૭ માર્ચ ૧૮૮૧ વોલ્ટર હેઝ - સ્વીઝ માનવશરીર શાસ્ત્રી, ૧૯૪૭માં નોબેલ પારિતોષિક વિજેતા, મૃત્યુ ૧૨ ઓગસ્ટ ૧૯૭૩
- ૧૭ માર્ચ ૧૮૪૯ કાર્નેલીયા મારીયા કલાપ-અમેરીકન જુઓલોજીસ્ટ, મહિલા વૈજ્ઞાનિક, મૃત્યુ ૩૧ ડિસે. ૧૯૩૪
- ૧૮ માર્ચ ૧૯૩૬ ચાર્લ્સ ડેવીસ હોલીસ્ટર-અમેરીકન મરીન જીઓલોજીસ્ટ, મૃત્યુ ૨૩ ઓગસ્ટ, ૧૯૯૯
- ૧૮ માર્ચ ૧૯૨૦ વેસ્લી બુચેલે-અમેરીકન એગ્રી.એન્જી., કૃષિક્ષેત્રની ૨૫ જેટલા સાધનો વિકસાવ્યા, મૃત્યુ ૧૮ માર્ચ ૧૯૨૦
- ૧૮ માર્ચ ૧૮૫૮ રૂડોલ્ફ ડીઝલ - જર્મન એન્જી., ઇન્ટરનલ-કમ્બશન ડીઝલ એન્જીનના શોધક, મૃત્યુ ૨૯ સપ્ટે. ૧૯૧૩.
- ૧૯ માર્ચ, ૧૯૪૩ મારીઓ મોલીના - મેક્સિકન-અમેરીકન કેમીસ્ટ, ૧૯૯૫માં નોબેલ પારિતોષિક વિજેતા.
- ૨૦ માર્ચ, ૧૯૪૪ આર્વીન નેહર : જર્મન ભૌતિકશાસ્ત્રી, ૧૯૯૧ માં નોબેલ પારિતોષિક વિજેતા
- ૨૦ માર્ચ, ૧૯૨૦ ડગ્લાસ ચેપમેન-કેનેડીયન બોર્ન, અમેરિકન મેથેમેટીયન, મૃત્યુ ૯ જુલાઇ ૧૯૬૬
- ૨૦ માર્ચ, ૧૮૫૬ ફેડરીક ટેઇલર-અમેરિકન એન્જી., મોર્ડન ઇન્ડસ્ટ્રીઝના પ્રણેતા, મૃત્યુ ૨૧ માર્ચ ૧૯૧૫

## ગયા સપ્તાહનો સવાલનો જવાબ :

**હાલના મુખ્ય ચૂંટણી કમિશનર કોણ છે?**

*જવાબ : વી.એસ.સમ્પથ (વિરાવલી સુન્દરમ્ સમ્પથ)*

## સાચા જવાબ આપનાર પત્રમિત્રો :

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭-ડી, ગાંધીનગર
(૨) મહેશ. એમ. જાદવ : સે-૩૦
(૩) શિવાંગ બી. પટેલ : સરગાસણ

## આ સપ્તાહનો સવાલ ?

**પૂર્વ વડાપ્રધાન માન. શ્રી અટલબિહારી વાજપેયી છેલ્લે કયા મતવિસ્તારમાંથી ચૂંટણી લડયા હતા ?**

**આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ**

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**

*બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર*

## સાચા જવાબો

૬ (૫૬) ૫૯ (૨૬) ૫૯ (૬૬) ૬ (૨૬)
૬ (૧૬) ૬ (૦૧) ૬ (૭) ૫૯ (૭) ૫૬ (૭) ૫૯ (૩) ૫૬ (૫) ૫૯ (૨) ૫૬ (૬) ૫૬ (૨) ૬ (૧)

# ભારતના સૌથી શક્તિશાળી બાહુબલિ : ધ પાવરફૂલ હન્ડ્રેડ

## ધ કોફી હાઉસ

- ઉત્સવ પરમાર

લિસ્ટ, યાદીઓ નો એક સિલસિલો આખા વિશ્વભર માં ચાલતો રહે છે. અલગ અલગ સંસ્થાઓ અલગ અલગ માપદંડોના આધારે અલગ અલગ યાદીઓ જાહેર કરતી રહે છે. વિશ્વ ના ધનિક, સેક્સી , વિચિત્ર, ગરીબ, ખુશ, દુઃખી, આઝાદ, ઘૂટન અનુભવતાં દેશ, વ્યક્તિ કે સ્થળોની યાદીઓ જાહેર થતી રહે છે. ફોર્બ્સના વિશ્વ ધનિકોની મહાયાદીમાં ભારતીય નામો વાંચી આંખોમાં ભારતીય ચમક ચમકી ઉઠે, હમ અમીર નહિ તો ક્યાં હુઆ વો તો હૈ ! મુકેશ ધીરુભાઈ અંબાણી કે લક્ષ્મી મિત્તલનું નામ વાંચીને જાણે સોસાયટીના ચોથા મકાનમાં રહેતા મુન્નાને લોટરી લાગી હોય એવી ખુશી! દીપિકા કે બિપાશા કોઈ ફિલ્મ મેગેઝીનના સર્વે કે લિસ્ટમાં સૌથી સુંદર એશિયન સુંદરી કે સેક્સી સ્માઈલ પ્રકારની કેટેગરીમાં આવે ત્યાં કોલેજની કેન્ટીન કે ઓફિસની રીસેસમાં ભારતીય સ્ત્રીના સૌંદર્ય પર ગર્વના ભાવ સાથે ચર્ચાઓ થાય! આવી યાદીઓની મજા હોય છે, યાદી આપનાર સંસ્થાના પરિમાણોમાં સમાવિષ્ટ માપદંડ પર એક તુલના! તુલના કમ્પેરીઝન કે સરખામણી એક ગ્લોબલ એકટીવીટી છે જેના મૂળમાં કદાચ અગ્રસ્થાનની ભાવના કરતા બીજાને પાછળ પાડ્યાનું સુખ વધુ હોય છે...

ખેર આ બધાની વચ્ચે તાજેતરમાં જ ઈન્ડિયન એક્સપ્રેસે એક નવું લિસ્ટ જારી કર્યું. લિસ્ટ રોચક છે અને વિવિધતાથી ભરપુર છે જેનું શીર્ષક છે કર્યું 'લિસ્ટ ઓફ ધ મોસ્ટ પાવરફૂલ ઈન્ડિયન્સ ૨૦૧૪' વર્ષ ૨૦૧૪માં સૌથી શક્તિશાળી ભારતીયોની એક યાદી! રાજનીતિ, વ્યાપાર, સમાજ અને રમતગમતના ક્ષેત્રોની ચુનિંદા વ્યક્તિઓ આ લિસ્ટમાં શામેલ છે. દર વર્ષે આ યાદી બહાર પડે છે. ગત વર્ષની યાદીમાંથી ૨૭ નામો બહાર ફેકાયા છે અને ૨૭ નવા નામો આવેલા છે! ફેકાયેલા ૨૭ નામોમાંથી ૧૧ નામો કોંગ્રેસી નેતાઓ છે અને આવેલા નવા નામો માં ૧૮માં ક્રમે ભારતીય જનતા પાર્ટીના જનરલ સેક્રેટરી અમિત શાહ અને ૮૮ માં ક્રમે ગુજરાતના મહેસુલ મંત્રી આનંદી બેન પટેલ જેવા રાજયકક્ષાના નામો છે. આ મહાનુભાવોના શક્તિ વર્તુળનો વ્યાપ કેમ વધ્યો છે તેના પૃથક્કરણ ગુજરાતની ગલીઓ માંથી કોઈ પણ 'બડે આરામ સે' કરી આપશે ! ન્યુ એન્ટ્રીમાં કેટલાક અન્ય નામો યોગેન્દ્ર યાદવ, મનીષ સિસોદિયા, મનોહર પારીકર, વસુંધરા રાજે, પ્રકાશ કરાત અને લાલુ પ્રસાદ જેવા રાજનેતા, ભારતના ચીફ ઈલેકશન કમિશ્નર વી એસ સંપથ, ગુજરાતી બિઝનેસ ટાયકૂન ગૌતમ અદાણી (છે ને એનાલિસિસ સેલ્લું ?), બાબા રામદેવ, એક નોખો કલાકાર સુબોધ ગુઝા અને આ સિવાય પણ ઘણા બધા!

આ ૨૭ ને બાદ કરતા ૭૩ નામો ૨૦૧૩ ના જ છે પણ મજાની વાત રેન્કિંગ ડીફરન્સની છે. ગયા ધોરણની એકઝામમાં ફર્સ્ટ ક્લાસ લાવેલો પોયરો આ વખતે માંડ પાસ ક્લાસ લાવે એવું પણ બને અને ગયા વરસે સાવ પાસ થવાની આશા જ નાં હોય એ છોકરો અનપેક્ષિત આશ્ચર્યમિશ્રિત પરિણામ આપે એવું પણ બને ! અને આવો જ એક પોયરો એટલે ૪૫ વરસનો અરવિંદ ગોવિંદ કેજરીવાલ જેનો ૨૦૧૩ માં નમ્બર હતો ૭૯ મો ત્યાંથી ૭૫ કૂદકા મારી ૪થી પાટલી એ બેસી ગયો ! છેલ્લાં એક વરસથી તોફાનની જેમ છવાયેલો આ માણસ દિલ્હી વિધાનસભા પહેલા માત્ર IIT ખડગપુરના હોસ્ટેલ મેસની સેક્રેટરીની ચૂંટણી લડેલો અને ઓફકોર્સ અને જીતી ગયેલો! ગયા વરસે તેનો રેન્ક આમીર ખાન અને જયલલીતાની પાછળ હતો પણ દિલ્હી વિધાનસભાના ચુનાવી પરિણામો અને લોકપ્રિય ઘોષણા ઓ એ એને ટોપ લિસ્ટમાં શામેલ કરી નાખ્યો! ટોપટેનના અન્ય ઉમેદવારો માં જયલલિતા, મમતા અને માયાવતી જેવા મહિલા અને પ્રાદેશિક નેતાઓનો દબદબો છે ગયા વર્ષ કરતા આ વર્ષના રેન્કિંગમાં ખાસો સુધારો છે. લોકસભાની નજીક આવતી ચુંટણીઓએ ભારતના રાજકીય ગણિતમાં મહત્વ વધારી મુક્યું છે. મમતા બેનર્જી એક પેઈન્ટર પણ છે જયારે જયલલિતા એક જમાના ની તમિલ અભિનેત્રી જેની એક માત્ર બોલિવુડ ફિલ્મ ૧૯૬૮ની ઈજ્જત છે અને એક આઈટમ ગીત છે 'જગી બદન મેં જવાલા...'

ટોપ ટેનની લિસ્ટમાં સાવ નવી નક્કોર એન્ટ્રી હોય તો સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ પી.સતશિવમની! ૨૦૧૩માં સુપ્રીમ કોર્ટે ઘણા લેન્ડમાર્ક ચુકાદા આપ્યા અને ચુનાવ સુધાર સંબંધી નિર્ણયો એ લોકતંત્રની નીવ મજબૂત કરી! નેતા લોગ અને પાર્ટીઓ દોડતી થઇ ગઈ! એમના પરિવારના પ્રથમ ગ્રેજયુએટ પી. સતશિવમ નવમાં સ્થાન પર છે.

*(અનુસંધાન પાના નં. ૬ પર)*